RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-2, Issue No-7 | Ahmedabad, Sunday 05/02/2017 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86


## આ અંકમાં શું વાંચશો?




પત્ર @ આધુનિકશિક્ષક ૨




ચાલો સાથે મળીને જોડણી સુધારીએ.. 3



મોનુનું અપહરણ અને પક્ષી મિત્રોની મદદથી છુટકારો ૪



ચોકલેટ બિસ્કિટ મિલ્કશેક ૫



ગુજરાતના શ્રેષ્ઠ ૧૩ શિક્ષકોનું પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા દ્વારા સ્નમાન કરવામાં આવ્યું ૬-૭


# બાળક સ્વયં શિસ્ત દાખવે તેના માટે શું કરશો?



### શિસ્ત એટલે શું ?

શિસ્ત એટલે વય પ્રમાણેનું વર્તન અને સ્વયં પર અંકુશ રાખી શકવાની ક્ષમતા, યોગ્ય સમયે બાળકને સાચી કેળવણી, યોગ્ય ઉછેર અને સાચુ માર્ગદર્શન આપવાથી તેમજ સદ્‌વ્યવહાર અને સદ્‌વર્તનની સમજ આપી એક સફળ માણસ બનવાની પ્રેરણા આપે છે. એટલે જ એમ પણ કહી શકાય કે શિસ્ત એ જીવનનો હાર્દ સમાન છે.

### બાળક શિસ્તમાં રહે તેનો શું મતલબ ?

વિચાર,વાણી અને વ્યવહાર મનુષ્યની સાચી મૂડી છે. એ ત્રણના ત્રિવેણી સંગમથી જે વ્યક્તિત્વ રચાય તેનું નામ શિસ્ત. એ ત્રણેયનો સુગમ સમન્વય બાળકનું વ્યક્તિત્વ ઘડે છે. બાળક શિસ્તમાં રહે તેનો એ જ મતલબ કે બાળક બીજા વ્યક્તિઓ સાથે કેવો વ્યવહાર કરે છે. તથા રોજબરોજના કાર્યો કેટલી સારી રીતે અને ચોકસાઇપૂર્વક કરે છે. જો આવી બાબતોની આદત નાની વયથી જ પાડવામાં આવે તો ભવિષ્યમાં તેના જીવનમાં ખૂબજ ફાયદાકારક નિવડે છે. અને તેનું ઉજ્જવળ ભવિષ્ય બને છે. આ આદતની શિસ્ત બાળપણથી કરાવવાની જરૂર એટલા માટે છે કે બાળકનું માનસ વેલ જેવું હોય છે. જે તરફ તેને વાળશો તે તરફ બાળક વળશે. બાળકનું મન વહેતા નીર જેવું પ્રવાહી હોય છે. તે સતત વહેતુ હોય છે. તેને જેવો આકાર આપીશુ. તેવા જ આકારમાં ઢળાઇ જશે.

## શિસ્તના પ્રકાર

### હકારાત્મક શિસ્ત

હકારાત્મક શિસ્ત એટલે બાળકે જે કાર્ય કર્યુ હોય એ સ્મીત સાથે તેમજ ઉમળકાભેર તાળીઓથી વધાવી તેને બીરદાવવું અને તેને જે પ્રશ્ન હોય તેનો ઉકેલ કરાવી કુશળતાથી શિખવવાથી હોશે હોશે કરી શકે છે. દા.ત. જ્યારે બાળક કોઇ એક સારૂં આચરણ કરે, જેમ કે ઘરમાં મહેમાન આવ્યા હોય અને તે શાંતિથી બેસી રહે અને તે એકપણ વાર એમ ન કહે કે મને આપો અથવા તો મહેમાન સાથે નમ્રતાપૂર્વક વર્તન કરતુ હોય તો મહેમાન ગયા બાદ તેને પ્રોત્સાહિત કરવું અને તેના આ વ્યવહારને ખૂબ જ પ્રોત્સાહિત કરવું.
તેને માન આપવું જેથી તેનામાં યોગ્ય સમજ સાથે બહારની વ્યક્તિ આવવાથી તેને શિસ્તમાં કેમ રહેવું તેની સમજણ આવશે.

### ઉમદા શિસ્ત સોમ્ય શિસ્ત

ઉમદા શિસ્ત તે પાણી પહેલા પાળ બાંધવા જેવી વાત છે. બાળકને જે રાહમાં દોરવવો હોય તેજ માર્ગનું માર્ગદર્શન કરાવવું જેથી કરીને બાળક તેજ માર્ગ પર ચાલતો થાય અને તે ઉત્સાહભેર રસપૂર્વક કાર્ય કરવા લાગે.

**દા.ત.** અમુક વખત બાળકના વર્તનમાં કોઇ ફેરફાર થયા હોય તો તે સમયે તેને મધુર ભાષામાં સમજાવી તેને યોગ્ય વર્તનમાં માર્ગદર્શન આપવું.

### સીમા આધારીત શિસ્ત

બાળકને સમયની સમજ સાથે ચોક્કસ તેમજ મર્યાદિત સમયનું જ્ઞાન આપી શિસ્તબંધ્ધ કાર્ય કરવાની પ્રેરણા આપવી જોઇએ. જેથી બાળકને સમયની કિંમતનો ખ્યાલ આવે તેનાથી બાળક શિસ્તબધ્ધ કાર્ય કરે છે. સામાન્ય રીતે બાળકની દિનચર્યાનો સમય નિયમિત હોવો જરૂરી છે. **દા.ત.** બાળકનો સુવાનો, ઉઠવાનો, સ્કૂલેથી આવી જમવાનો. આરામ કરવાનો આ બાબતો ધ્યાનમાં રાખવાથી બાળકમાં નિયમિતતા આવે છે. તેને યોગ્ય સમય પ્રમાણે કાર્ય કરવાની સમજ આવે છે.

### વર્તન આધારિત શિસ્ત

વર્તન આધારિત શિસ્ત એ બાળકના સકારાત્મક અને નકારાત્મક વર્તન પર ધ્યાન લઇને નક્કી કરવામાં આવે છે. **દા.ત.** બાળક પોતાના રમકડાં વ્યવસ્થિત જગ્યાએ મુકે ત્યારે કોઇપણ પુરસ્કાર અથવા તો પ્રોત્સાહન આપીને બિરદાવવા જોઇએ. જેથી બાળકને વસ્તુ જગ્યાએ મુકવાની સારી ટેવ પડે.



### લાગણીસભર શિસ્ત

લાગણીસભર શિસ્ત એ એક અગત્યનું પાસુ છે. બાળક લાગણીઓના તાણાવાણા સાથે બંધાયેલું હોય છે. બાળકને હુંફ સાથે અને સ્નેહથી કોઇ કાર્ય કરાવવામાં આવે તો બાળક સરળતાથી શીખી જાય છે. અને લાંબા સમય સુધી યાદ પણ રહે છે. **દા.ત.** બાળકને જ્યારે દોડીને આવે ત્યારે તેને સ્થળ, સમય, વ્યવસ્થા કશાનો ખ્યાલ હોતો નથી અને પોતાનામાં મસ્ત હોય છે. તે સમયે તેના ચહેરા પર વિવિધ ભાવો જ જોવામાં આવતા હોય છે. મનમાં ભરેલી વાતો કહીને બાળક સંતોષની લાગણી અનુભવે છે. જો આત્મીયતાથી અને સ્વસ્થતાથી સાંભળીએ તો તેને પોતાનાપણાનો અહેસાસ થાય છે.

### મુક્ત શિસ્ત

મુક્ત શિસ્તનો અર્થ સ્વૈચ્છિક થાય છે. બાળક કોઇપણ જાતના હિચકિચાટ વગર કે કોઇપણ મુંઝવણ વગર અને સંકોચ કર્યા વગર બાળક કાર્ય કરે તો તે ચોક્કસ પ્રગતિના પંથ પર આગળ વધી શકે છે. **દા.ત.** બાળક તેની કાલી અને મધુરભાષામાં તેનાથી કાંઇ ખોટું થયું હોય અને સાચુ કહી દે તે મુક્ત શિસ્ત છે.

### દમનયુક્ત શિસ્ત

દમનશિસ્ત એટલે નાના બાળકને શિસ્ત મુજબ વર્તન કરાવવા માટે તેને વ્હાલપૂર્વક સમજાવતા હોય છે. પરંતુ બાળક નાનું હોય ત્યારે ક્યારેક અણસમજને કારણે જીદે ભરાય છે. તેવા સમયે તાત્કાલીક શિસ્તનું આચરણ કરાવવા માટે અંતિમ પગલા સ્વરૂપે માતા પિતા ગુસ્સાભર્યા શબ્દનો ઉપયોગ કરી તેને અંકુશમાં લાવવાનો પ્રયાસ કરતા હોય છે. **દા.ત.** જો બાળકને મોબાઇલ આપવામાં આવે તો તે સતત તેમા કાર્યરત રહે છે. તેને બીજું કંઇજ દેખાતું નથી. ગૃહકાર્ય પણ ભૂલી જાય છે. તો આવા સમયે માતા પિતા બાળક પાસેથી મોબાઇલ છોડાવવા માટે દમનયુક્ત નીતિ અપનાવતા હોય છે.

### પ્રભાવશાળી શિસ્ત

પ્રભાવશાળી શિસ્તનો અર્થ જોઇએ તો એ શબ્દમાં જ તેનો અર્થ સમાયેલો છે. ટૂંકમાં કહીએ તો પ્રભાવશાળી એટલે સામેના લોકો પર વ્યક્તિ પોતાનો જે પ્રભાવ પાડે છે તે જેમ કે ઘરમાં માતા, પિતા, વડિલો, શિક્ષકો વગેરે વ્યક્તિઓના નેતૃત્વ હેઠળ બાળક જે કંઇપણ શીખે છે તે પ્રમાણે આચરણ કરે છે. અને તેના દ્વારા તેનો પ્રભાવ બાળકની અંદર જોવા મળે છે. **દા.ત.** ઘરમાં કોઇ મહેમાન આવ્યા હોય તો ત્યારે ઘરના વડીલો મહેમાનોને જયશ્રીકૃષ્ણ કહીને આવકાર આપે ત્યારે બાળક તેને જોઇને તે પ્રકારનું આચરણ કરશે તો અહી વડીલોના વર્તનનો પ્રભાવ બાળક પર અચૂક પડશે.

### સ્વયં શિસ્ત કોને કહેવાય ?

સ્વયં એટલે જાતે. શિસ્ત એટલે સભ્યતા. તો આનો અર્થ એમ થયો કે પોતાની જાતે સભ્યતાપૂર્વક વર્તન એટલે સ્વયં શિસ્ત. સ્વયં શિસ્ત એટલે એવું નહી કે તમે તમારી જીવન શૈલીને બાંધીને રાખો. પરંતુ સ્વયં શિસ્ત મતલબ પોતાની જાત પર અંકુશ રાખવો અને દરેક પરિસ્થિતિમાં કેવી રીતે વર્તન કરવું તે જાતે નક્કી કરતા થવું.

### બાળકને સ્વયં શિસ્તમાં પાઠ કેવી રીતે શીખવવા ?

બાળ સહજ સ્વભાવના કારણે બાળક પોતે જ શિસ્ત એટલે શું ? તેનાથી વંચિત હોય છે. માટે ઘણા બાળકો સ્વભાવે ચંચળ, હઠીલાપણું હોય છે. તેમજ પોતાનું ધાર્યું કરવાવાળા સ્વભાવના હોય છે. તેવા બાળકને કાર્ય કરતા પહેલા પૂર્વ માહિતગાર કરવાથી બાળકને કોઇપણ કાર્ય કરવામાં કંટાળો કે અરૂચિ ન દાખવે બાળક પાસે જે કાર્ય કરાવવાનું છે. તેના વિશે બાળકને સંતોષ થાય ત્યાં સુધી સમજણ આપી કાર્ય કરાવવાથી બાળક તત્પરતાથી કાર્ય કરવા તૈયાર થઇ જાય છે. અને તે કાર્ય હોશે હોશે કરે છે.



### બાળક સ્વયં શિસ્તમાં રહે તે માટે શું કરવું ?

બાળક સ્વયં શિસ્તમાં રહે તેના માટે બાળકની દરેક બાબતનું કાળજીપૂર્વક અવલોકન કરવું જરૂરી છે. ઘણીવાર બાળકને વારંવાર ટોક્યા કરવાથી તેની આદતમાં કંઇજ બદલાવ આવતો નથી અને તે વધારે ને વધારે જીદ્દી સ્વભાવનો થઇ જાય છે. તેથી બાળકના વખાણ કરવાથી બાળક પ્રોત્સાહિત થઇ જાતે જ સ્વયં શિસ્તમાં રહેવા લાગે છે.

### સારાંશ

બાળકના બાળપણથી જ શિસ્તના ગુણો વિકસિત હશે. તો તે પોતે પોતાની જાતે જ સ્વયં શિસ્તનું યોગ્ય રીતે પાલન કરશે એટલે કે દરેક સમય પ્રમાણે કોની સાથે કેવી રીતે રહેવું તે પોતાની જાતે જ નિર્ણય કરતુ થઇ જશે અને બાળક ભવિષ્યમાં પ્રમાણિક, મક્કમ, કાર્યમાં નિપૂર્ણ અને આત્મનિર્ભર બનશે અને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકશે.



**ડૉ. વિશાલ વારીયા**
આચાર્ય
રાજકોટ

# પત્ર @ આધુનિકશિક્ષક

**"રાષ્ટ્ર જેવી સમાજ વ્યવસ્થા નિર્માણ કરવા માગતુ હોય તેવી શિક્ષણ વ્યવસ્થા ઉભી કરવી પડે."**
**સ્વ. અબ્દુલ કલામ (અંતિમ વીઝે પાંખ)**

આજે ભારતનો પ્રત્યેક જાગૃત અને ચિંતનશીલ વ્યક્તિ ઝંખે છે કે પ્રાચીન ગૌરવશાળી ઈતિહાસ ભારતનું વર્તમાન અને પ્રાંચીનકાળમાં સત્ય, શૌર્ય, શ્રમ, દેશપ્રેમ, બુદ્ધિચાતુર્ય, ઉદારતા અને આધ્યિકતાના માનવીય મૂડી સમ ગુણો એ પ્રત્યેક ભારતીયોમાં જીવનચરિત્ર રૂપે ચરિતાર્થ થયા હતા. અને તેના થકી સમગ્ર માનવસૃષ્ટિ શિક્ષિત થઈ હતી.

एतदेशप्रसूतस्य सकाशादगजन्मनः ।
स्वं स्वं चरित्रं शिक्षेरेन पृथिव्यां सर्वमानवाः ॥

આ વિષયના ચિંતનમાં કે ચર્ચામાં આપણે રામાયણ ના કે મહાભારતના પાત્રોનાં ઉદાહરણ આપીએ છીએ અને સંતોષ માણીએ છે. પણ યક્ષ પ્રશ્ન એ છે કે તે સમયે શું ભણાવવામાં આવતુ હતુ ? (Contentcontent) અને કેવી રીતે ભણાવવામાં આવતુ હતું.? (Methodmethod) કે જેથી આપો આપ ગુણોનો પ્રાદૂર્ભાવ થતો હતો. તે કાળની શિક્ષણપ્રથા વિશેની સચોટ અને ઉપયોગી માહીતી તૈતરીય ઉપનિષદમાંથી પ્રાપ્ત થાય છે. તૈતરીય ઉપનિષદમાં શિક્ષાવલ્લી-આનંદવલ્લી નામનું આખું પ્રકરણ કે જે વિદ્યાર્થીના ૧. અન્નમય કોષ ૨. પ્રાણમય કોષ ૩. મનોમય કોષ ૪.વિજ્ઞાનમય કોષ ૫. આનંદમય કોષ એમ પાંચ કોષાત્મક વિકાસ પગથી બતાવેલ છે. અને તેજ પ્રાચીનકાળના સુવર્ણયુગની manufacturing factory manufactory છે. આવો આજે આપણે એ પંચકેષના અંતરંગમાં જરા વૈચારિક આંટો મારીએ. અને માત્ર સૈંધાન્તિક વાતોના વડા નહી. વ્યવહારમાં શાળામાં તેની ઉપયોગીતા ને જ સીધું સમજીએ.

## પંચકોષનો શાળા કક્ષાએ વિષય અને પ્રવૃત્તિઓ સાથે સંબંધ

| કોષ | કોષનો વિસ્તાર | વિદ્યાર્થીમાં કોષ સમૃધ્ધ કરવા માટેના અસરકારક તત્વો | કોષ સાથે શાળા કક્ષા સાંકળી શકાય તેવા વિષય | કોષ માથે સાંકળી શકાય તેવી શાળાકીય પ્રવૃત્તિઓ |
|---|---|---|---|---|
| અન્નમય કોષ | શરીરના વૃદ્ધિવિકાસથી શરૂ કરી તિતિક્ષા (જીવન માણવા માટે જીવવાની ઇચ્છા) સુધી વિદ્યાર્થીને તૈયાર કરવા. | સાત્વિક ખોરાક, શુદ્ધ પાણી, યોગ, કસરત | શારીરિક શિક્ષણ, જીવ વિજ્ઞાન, પર્યાવરણ | શારીરીક સ્પર્ધાઓ, ખેલ મહાકુંભ વાલીઓ માટે હેલ્ધી લંચ બોક્ષ સ્પર્ધા પ્રયોગ શાળા, બાગકામ, શ્રમકામ, યોગ શિબિર સ્પર્ધા, પ્રાર્થના સભા |
| પ્રાણમય કોષ | સ્વસ્થ અને સંતુલિત હવાથી શરૂ કરી કેવી રીતે શુદ્ધ હવા લેવી ત્યાં સુધી વિદ્યાર્થીઓને શીખવવું. | સાત્વિક ખોરાક, શુદ્ધ પાણી પ્રાણાયામ, સ્વચ્છતા | શારીરિક શિક્ષણ, જીવ વિજ્ઞાન, પર્યાવરણ, યોગ | સ્વચ્છતા મિશન, પ્રાણાયમની શિબિર પ્રાર્થના સભા |
| મનોમય કોષ | ધ્યાન માનસિક શાંતિથી શરૂ કરી નૈતિક મૂલ્યો અને સદગુણોનાં વિકાસ સુધી વિદ્યાર્થીઓના મન ને તૈયાર કરવા | સંગીત, શિક્ષણનું વર્તન, ઉત્તમ યોગ્ય વ્યક્તિનું પ્રવચન, જીવન ચરિત્ર, વાંચન, યોગ | બધીજ ભાષાઓ, પર્યાવરણ, યોગ | સંગીત, પ્રાર્થનાસભા, ઉત્તમ વ્યક્તિના જીવન ચરિત્રોનું વાંચન |
| વિજ્ઞાનમય કોષ | ગ્રહણ શક્તિ, અવલોકન શક્તિ, સર્જનાત્મક શક્તિ, તર્ક શક્તિ કલ્પના શક્તિથી વિશ્લેષણ અને સંસ્લેષણ શક્તિ સુધી વિદ્યાર્થીઓને પહોંચાડવા | વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ (પ્રોજેક્ટ હ્યુરેસટીક, પ્રશ્ન પ્રયોગ)વગેરે | વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન, ભાષા | પ્રદર્શન સ્પર્ધા, વિવિધ કલબ (વિજ્ઞાન,ભાષા, ગણિત) પ્રવાસ નોંધ |



આ ચાર કોષોને આ રીતે વિદ્યાર્થીઓને પહોંચાડવામાં આવે તો પાંચમો કોષ આનંદમય કોષ વિદ્યાર્થીના જીવનમાં જાતે જ ઉદભવી શકે છે.

પણ આપણે સૌ રહ્યા શિક્ષક પદ્ધતિ પાઠ આયોજન વગર કેવી રીતે સ્વીકારીએ આવો પંચકોષાત્મક આધારિત પાઠ આયોજનનો ગર્વ અને હર્ષ સહિત સ્વાદ માણીએ.

### વિષય વિજ્ઞાન ધોરણ-૯ વિષયાંગ : બાળ દિશા ગતિ

| પ્રવૃત્તિ | કોષ |
|---|---|
| • મેદાન પર વિદ્યાર્થીઓને લઇ જઇને વર્તુળાકારે બેસાડી ધ્યાન કરાવવું | પ્રાણમય કોષ |
| • ત્યારબાદ વિદ્યાર્થીને ત્રણ ગ્રૃપ માં વહેચવા પહેલા ગ્રૃપને ફૂટબોલ રમવા આપવો. બીજા ગ્રૃપને ક્રિકેટ રમવા કહેવું ત્રીજા ગ્રૃપને નિરીક્ષણ કરવા કહેવું | મેદાન પર છે અને શારીરિક છે તેથી અન્નમય કોષ અને પ્રાણમય કોષ |
| પછી તેમા કિકથી સ્થિર ફૂટબોલને ગતિ મળી અને બોલરે ફેંકેલ બોલની દિશા બદલાઇ તે ત્રીજા ગ્રૃપ સાથે પ્રશ્નોતરી કરી સમજાવવું. | નિરીક્ષણ, પ્રશ્નોતરી એ જીજ્ઞાસા વર્ધક અને જ્ઞાનની ભૂખ સંતોષે છે તેથી વિજ્ઞાનમય કોષ |
| • રમત રમ્યા અને હારજીત થઇ ટીમ વર્કનું મહત્વ સમજાવવું. | મનોમય કોષ |
| • એકબીજાના સ્પર્શથી પ્રશ્નોતરી-નિરીક્ષણમાં સરખા વિચારોથી કે સોપેલા સરખા કામથી વિદ્યાર્થીઓ એક બીજા તરફ ખેચાય છે. | सर्वस्य वाहनम हदि सन्नि विष्टो ની સમજણ થશે આનંદમય કોષ |

### પંચકોષ આધારિત શાળાકિય સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ

| ભારતીય શિક્ષણ પદ્ધતિ | આપણા વર્ગખંડની પ્રવૃત્તિ | પ્રવૃતિથી વિકસિત થતો કોષ |
|---|---|---|
| નિત્ય વંદના (પ્રાર્થના સભા) | શ્લોક-સુભાષિત કરાવવા પ્રત્યેક માસનું એક દેશભક્તિ ગીત નક્કી કરી તૈયાર કરાવવું. | પ્રવૃતિથી વિકસિત થતો કોષ, વિજ્ઞાનમય કોષ (સુભાષિત દેશ ભક્તિ ગાનથી) મનોમય કોષ (શ્લોક ગાનથી) |
| યોગ મૌન | પ્રાર્થનાસભા પત્યા પછી વર્ગખંડ સુધી મોનમાં પહોંચવું પ્રત્યેક તાસ બાદ ધ્યાન-પ્રાણાયામ કરાવવા | પ્રાણમય કોષ, મનોમય કોષ |
| સંગીત | વાદ્ય સંગીત સીડી શાળાની શરૂઆત અને અંતે તથા રીશેષમાં રાષ્ટ્રભક્તિગીત આધારિત નૃત્ય સ્પર્ધા | તનાવ રહિત નિજાનંદ મળે તેથી મનોમય, પ્રાણમય અને વિજ્ઞાનમય કોષ |
| કલા | માટીકામ ગૃહ, વિજ્ઞાન, કેશ ગુંથન, બ્યુટી પાર્લર, મોબાઇલ રીપેરીંગ, Tally વગેરેનું શિક્ષણ આપવું. | સ્વનિર્ભરતા, આત્મનિર્ભરતા લાવે તેથી વિજ્ઞાનમય મનોમય કોષ |

આમ, પ્રાચીન પંચકેષતાત્મ્ક પદ્ધતિ આજે પણ તેટલી જ યથાર્થ છે તે ઉપરના આયોજન પરથી ફલિતાર્થ થાય છે. આપણે સૌ સાથે મળી આ પ્રાચીન પદ્ધતિને શાળામાં પ્રસ્થાપિત કરવાના નિષ્ઠાપૂર્વક પ્રયત્નો પણ કરીશું. તો પણ આપણે પ્રાચીન ગૌરવશાળી સમાજને ગ્રંથો અને સેમીનારમાંથી બહાર કાઢી હાલતા ચાલતાં જીવંત વ્યક્તિઓમાં નિહાળી શકીશું. જેથી રાષ્ટ્ર ઋષિ અને માનવીય ઋણમાંથી મુક્તિ મેળવી શકીશું. આ મિશન માટે ઈશ્વરને એટલી પ્રાર્થના.

"समानि आकुति समानि हदयानिव
समान मस्तु द मनः यथावसुस्हासति"



**શ્રી કૃતાર્થ જોષી**
**પ્રિન્સિપાલ, દાહોદ**

# જીંદગીભર યાદ રહી જાય તેવો પ્રવાસ – ડેલહાઉસી



ડેલહાઉસી જવા માટે બધા મિત્રો ક્યારથી નક્કી કરી રહ્યા હતા. અને અંતે છેલ્લા વર્ષે અમારા એ પ્રવાસ માટે અમે તૈયાર થઇ ગયા. ટ્રેકીંગ માટે અમે ઘણુ બધુ સાંભળ્યું હતું. એટલે ત્યાં પહોંચવાની વધારે જ ઉત્સુકતા હતી.

અમે પ્રવાસ અને ટ્રેકીંગ માટે એક કંપનીનો સંપર્ક સાધ્યો હતો. ત્યાંથી અમને એક ગૃપમાં મોકલવામાં આવ્યા. લગભગ ૩૦ થી ૩૫ જણાના ગૃપમાં અમે ત્રણ મિત્રો જ એકબીજાને ઓળખતા હતા. પ્રવાસ ચાલુ થયો ત્યારે ટ્રેનમાં અમને થોડુ નવું નવું લાગ્યુ બધા સાથે પરંતુ ડેલહાઉસી પહોંચતા સુધી અમે બધાજ એકબીજા સાથે વાતો કરતા બધાના અનુભવોની વાતો કરતા કરતા ખૂબજ સારા મિત્રો બની ગયા.

ડેલહાઉસી ઉતર્યા ત્યારે અહેસાસ થયો કે કેટલો ઠંડો અને તાજગીસભર પ્રદેશ છે એ. ખૂબજ ઉંચા વૃ ક્ષો, હરિયાળીથી છવાયેલા મેદાનો ડેલહાઉસીને કંઈક અલગ જ સુંદરતા પ્રદાન કરે છે. ડેલહાઉસી તેની સુંદરતાને કારણે પ્રવાસીઓનું અને ટ્રેકીગ માટેનુ ખૂબજ પ્રખ્યાત સ્થળ બની ગયું છે. અને એમાં પણ જ્યારે બરફવર્ષા (સ્નો ફોલ) થાય ત્યારે તેની સુંદરતામાં વધારો થાય છે. અને પ્રવાસીઓને તેમના પ્રવાસની પણ મજા આવી જાય છે. ડેલહાઉસી હિમાચલ પ્રદેશના ચંબા જીલ્લામાં આવેલું છે. તે એકદમ શાંત શહેર છે.

પહાડોમાં બૌદ્ધ ધર્મના ભગવાનની કોતરેલી અને રંગ કરેલી મૂર્તિઓ છે. ટેકરીઓની બીજી બાજુ બ્રિટિશરોના સમયની ઝાંખી કરાવતા ચર્ચ આવેલા છે. પાઈનના વૃક્ષોથી ઘેરાયેલા સેન્ટ જહોન અને સેન્ટ ફ્રાન્સીસ ચર્ચ ડેલહાઉસીને અલગ સુંદરતા આપે છે. સામાન્ય રીતે હિલસ્ટેશનનો સાંકડો વિસ્તાર ધરાવે છે. પરંતુ ડેલહાઉસી ઘણું વિશાળ છે. ત્યાનું વાતાવરણ ખૂબજ આહ્લાદક છે. પ્રવાસીઓને ખરીદી માટે ગાંધીચોક અને સુભાષચોક આવેલા છે. હિમાચલ પ્રદેશમાં પાંચ ટેકરીઓ પર તે આવેલુ છે.જે આ પ્રમાણે છે. કાલાટોપ ખજ્જર સેન્ચુરી, ખજ્જર લેક, રંગ મહેલ તેના વિશેષ આકર્ષણો છે.




ત્યાં અમે બરફમાં ટ્રેકીગ અને પેરાગ્લાડિંગ કર્યુ જે શબ્દોમાં વર્ણવવું મુશ્કેલ છે. મિત્રો સાથેનો આ પ્રવાસ લાઈફ ટાઈમ યાદ રહેશે.

**દર્શન પરમાર**
**પ્રવાસી**

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# ચાલો સાથે મળીને જોડણી સુધારીએ...




પ્રારંભે એક યુક્તિ "અધિકારીની ભૂલ ફાઇલમાં દટાઇ જશે, એન્જિનિયરની ભૂલ પુલ પુરો થતાં પૂરી થશે, ડોકટરની ભૂલ બહુ તો બે-પાંચને કબરમાં પોઢાડશે, પણ શિક્ષકની ભૂલ શિક્ષણની ભૂલ આખા રાષ્ટ્રના પાયા હચમચાવશે." કારણકે શિક્ષકને આદર્શપૂર્ણ માની બધા અનુસરે છે. આથી એની ભૂલોનો પણ ગુણાકાર થશે. એટલે બધા જ્યારે અનુસરે છે ત્યારે શિક્ષકે ડાઘ રહિત (સર્વસુક્ત્લા સરસ્વતી) ભૂલ રહિત બનવું રહ્યું. વર્તન, વાણી, લેખનની, ભૂલ પણ થવી જોઇએ નહીં.

દરેક માસમાં જોડણી પાથેય લેખો ક્રમશઃ પ્રગટ થશે. દરેક મિત્રો, શિક્ષક મિત્રો અને જાગૃત વાલી મિત્રો.. અવશ્ય તે નિયમોને ધ્યાનમાં રાખે અને 'The Open Page' અવશ્ય ફાઇલીંગ કરે કારણકે તે જીવનપર્વની.. ઉપયોગી બનશે. તો શું કરવું જોઇએ ?

આપણે આખી સુધારણાની પદ્ધતિમાં :- નિયમ પદ્ધતિ અપનાવવી જોઇએ. પહેલા સ્વતંત્ર લેખનપોથી પહેલા જ પાના પર જોડણીના નિયમો, ક્રમ સંખ્યા સાથે લખાવી દેવા. હવે ધારોકે કોઇ વિદ્યાર્થીએ 'શીયાળ' આમ લખ્યું હોય તો તેની નીચે લીટી દોરી બાજુમાં સુધારી ન આપતા માત્ર 'નિયમ-૬' લખવું આથી તે સુધારવા વિદ્યાર્થી પૂર્વ લખાયેલા નિયમમાં , '૬' "ય" પહેલાની ઇ "હ્રસ્વ" જોઇશે સાથેના થોડા ઉદાહરણો શિયાળો, કાળિયાર, ગાંઠિયા, વરિયાળી, હોંશિયાર, એશિયા એના મનમાં એક ઝબકાર થશે એટલું જ નહીં. આવા બધાજ શબ્દોનું સાચુ લેખન આવડી જશે. અને આમ વારંવારના આ વર્તન એ એના વ્યક્તિત્વનો એક ભાગ બની જશે. જોડણી સ્વાભાવિક થઇ જશે.

નિયમ નંબર ૧ થી ૩૦ છે. તે તમારી ગુજરાતી વ્યાકરણની નોટના 'First page' નિયમ - ક્રમ - નંબર સાથે લખો.

**નિયમ ૧**

મૂળ શબ્દમાં જોડાક્ષર પહેલાનાં ઇ – ઉ હ્રસ્વઃ-

ઇચ્છા, ઇન્દ્ર, શિષ્ય, શિસ્ત, મિત્રો, વિશ્વ, કિસ્મત, સિસ્ટર, કારકિર્દી, ચિત્ત, જિલ્લો, હિસ્સો, શિલ્પ, રજિસ્ટર, ફિલ્મ, લિસ્ટ...

ઉષ્મા, પુત્ર, પુષ્પ, પુસ્તક, પુણ્ય, ગુચ્છ, તુચ્છ, રૂદ્ર, ગુસ્સો, કંડકટર, તુક્કો, મુક્કો, મુલ્લા, દુશ્મન, હુલ્લડ, સમુદ્ર, લુચ્ચો..

અપવાદઃ તીવ્ર, શીઘ્ર, સૂત્ર, ('ર' ની ઉપસ્થિતિ) ગ્રીષ્મ, ભીષ્મ, શૂન્ય, મૂલ્ય, રીક્ષા...

**નિયમ ૨**

તીવ્ર અનુસ્વરવાળા ઇ,ઉ, હ્રસ્વ(અનુનાસિક વ્યંજન) (ઙ્, ગ્, ણ્, ન્, મ્) ના જોડાક્ષરવાળા પણ અનુસ્વારથી દર્શાવાતા ઇ, ઉ, ચિંતન, બિંદુ, લિંગ, હિંમત, જીંદગી, કુંતા, કુંભ, કુંજ, કુંડળ.

(ચિન્તન, બિન્દુ, લિઙ્ગ, હિમ્મત, જિન્દગી, કુન્તા, કુમ્ભ, કુજ, કુણ્ડલ,) વધુ કિષ્કિંધા, બિલ્ડિંગ, સેટીંગ, ઝુંડ, ચુંબન, ગુંબજ, મુંબઇ અપવાદ કોઇ નથી.

**નિયમ ૩**

અંત્ય સિવાયના કોમળ અનુસ્વારી ઇ, ઉ, દીર્ઘ (નાસિક્ય સ્વર ઈ, ઊ, દીર્ઘ)

ઈંસ, ભીંસ. ભીંત, વીટીં, ચીંધ, ઢીંકો, મીઠું, ઉંચાઇ, ઘૂંઘટ, મૂંઝવણ, ચૂંટણી, ટૂંકમાં, ઝૂંપડી, ભૂંસ, ભૂંસાવ, ભૂંસ્યું, લૂંટ, લૂંટ્યો,

અપવાદ : કુંવર, કુંવારી, સુંવાળું, કુંભાર

**ક્રમશઃ**



**સથવારા નિમિષા**
આચાર્ય

## "વાત્સલ્ય મૂર્તિ માં"

ઇશ્વરનું એક અદ્ભુત સર્જન – "માં" આ શબ્દ ઘણુબધુ સૂચવે છે. સિમિત શબ્દો માં આ શબ્દનું વર્ણન મુશ્કેલ છે. કવિઓ એ માતૃપ્રેમનો મહિમા મુક્તમને વર્ણવ્યો છે. કવિ બોટાદકર એ કહ્યુ છે,

***"મીઠા મધુ ને મીઠા મેહુલારે લોલ"***
***એથી મીઠી તો મારી માતા રે***
***જનની ની જોડ સખી નહી જડેરે લોલ.***

પોતાના ઉદર મા એક બાળકનો વિકાસ કરી જન્મ આપનારી માતા જગતની સર્વશ્રેષ્ઠ ત્યાગ મૂર્તિ છે. માતા એક જીવનું સર્જન કરે છે. મા પોતાના પ્રેમ અને વાત્સલ્યથી બાળકનો ઉછેર કરે છે. પોતાના સુખ કે સગવડ નો વિચાર કર્યા વિના બાળકનું રક્ષણ તેમજ ઉછેર કરે છે, કવિ પ્રેમાનંદ એ કહ્યુ છે કે

***"ગોળ વિના મોળો કંસાર"***
***મા વિના સૂનો સંસાર***

આખા જગતનો આધાર માતાની આંગળી છે. તેની આંગળી માં કવિ હરીન્દ્ર દવે કહે છે તેમ અભય છે. માતાની આંગળી પકડી ઉભુ રહેનાર બાળક અભય છે. મા શબ્દ જ મમતાથી ભરપૂર છે. પક્ષી, પ્રાણી, મનુષ્ય કે કોઇપણ સજીવની માતા તેના બાળકને વિશ્વનું સર્વશ્રેષ્ઠ સજીવ બનાવવા ઇચ્છે છે અને એ માટે તમામ પ્રયત્નો કરે છે. જગતના તમામ સફળ વ્યક્તિ પાછળ ચોક્કસપણે તેની માતા પ્રેરણા બની હશે કહેવાય છે ને કે

***"માં તે માં બીજા બધા વગડાના વા"***

માતાના ઋણને ચૂકવવા જન્મ જતા રહે તેમ છતા ચૂકવી ન શકાય માટે જ કહેવાય છે.

***"અર્પી દઉ સો જન્મ એવડુ મા તુ જ લહેણુ"***

વનરાજને ગુણસુંદરી એ, સિધ્ધરાજ ને મીનળદેવીએ, શિવાજીને જીજાબાઇએ, ગાંધીજીને પૂતળીબાઇએ જે સંસ્કારોનું સિંચન કર્યુ તે અનન્ય છે. માતા સૌ શિક્ષકની ગરજ



સારે છે. માતા પ્રેમાળ અને કઠોર બંને બની બાળકનું સંસ્કાર ચારિત્ર્યનું ઘડતર કરે છે.

માતા જન્મ આપનારી દરેક પરિસ્થિતિ સામે લડતા શીખવનારી પ્રેમ કરનારી છે. માતાનો પ્રેમ એ નિસ્વાર્થ છે. અંતમાં ચોક્કસ કહેશું.

***"માતૃદેવો ભવ"***

"Mom Without U I Am Nothing"



**નિધિ ઠાકર**
આચાર્ય
રાજકોટ

**જ્ઞાનએ દોરો પરોવેલી સોય જેવું છે. દોરો પરોવેલી સોય ખોવાતી નથી. તેમ જ્ઞાન હોવાથી સંસારમાં ભૂલા પડાતુ નથી. — શ્રીમદ્ રાજચંદ્ર**

# મોનુનું અપહરણ અને પક્ષી મિત્રોની મદદથી છુટકારો

મોનુ નામનો એક છોકરો સૌરાષ્ટ્રના એક નાનકડા ગામમાં રહે છે. એની પાસે જુલ્લુ નામનું એક કૂતરું હોય છે. મોનું જુલ્લુ સાથે એ એક માણસ હોય એવી જ રીતે વાતચીત કરતો હોય છે.

મોનું દરરોજ અનેક પક્ષીઓને દાણા ખવરાવતો હોય છે. ઘર પાસે આવતા પશુઓને પણ ખાવાનું આપતો હોય છે. પશુ-પક્ષીઓને પાણી પીવરાવતો હોય છે. એમને ગરમી, ઠંડી અને વરસાદમાં આશરો આપતો હોય છે. આથી આ સૌ પશુ-પક્ષીઓ મોનુના ખુબજ સારા મિત્રો બની ગયા છે.

એક દિવસ મોનુના ગામમાં કેટલાક ચોર આવ્યા. મોનુ એમને જોઇ ગયો એટલે આ ચોર મોનુને પકડીને લઇ ગયા. મોનુનું અપહરણ થઇ ગયું !મોનુનો ખાસ મિત્ર જુલ્લુ તો એકદમ સુનમુન થઇ ગયો. જુલ્લુએ મોનુના પશુ-પક્ષી મિત્રોની મદદ લઇને મોનુને શોધવા અને છોડાવવા નક્કી કર્યું.

**કૂતરૂં ગંધ પારખવાની શક્તિ ધરાવે છે. એ ગંધ પરથી માણસનું પગેરૂં શોધી શકે. આથીજ પોલીસદળમાં પણ કૂતરાની સહાય લેવાતી હોય છે.**

કૂતરું ગંધ પારખવાની શક્તિ ધરાવે છે. એ ગંધ પરથી માણસનું પગેરું શોધી શકે. આથીજ પોલીસદળમાં પણ કૂતરાની સહાય લેવાતી હોય છે. જુલ્લુ મોનુનું પગેરું શોધતું શોધતું ફરવા લાગ્યું.

આ બાજુ ચોર લોકોએ મોનુને એક અવાવરું ઘરમાં પૂર્યો હતો. મોનુના પક્ષી મિત્રો ત્યાં પહોંચી જ ગયા. પરંતુ આ અબોલ પક્ષીઓ મોનુના ઘરનાને કેવી રીતે જાણ કરે ? મોનુએ એક યુક્તિ વિચારી. એણે એના કબૂતર દોસ્ત મારફતે એક સંદેશો લખી મોકલ્યો. કબૂતર વ્યવહાર માટે ખુબજ ઉપયોગી થતા હોય છે. સેંકડો વર્ષોથી કબૂતરનો ઉપયોગ સંદેશાની આપ-લે માટે થાય છે. આથી મોનુએ એના કબૂતર દોસ્તની આ માટે સહાય લીધી.

એક નાનું હમિંગ્સ બર્ડ મોનુનું ખાસ દોસ્ત છે. હમિંગ્સ બર્ડએ માણસના અંગુઠા જેવડા નાના કદનું હોય છે. એ ભૂરા રંગનું હોય છે. આ નાના પક્ષીને આપણે દેવ ચકલી કહીને બોલાવતા હોઇએ છીએ. આ હમિંગ્સ બર્ડ ઉંધુ પણ ઉડી શકે છે. મોનુને જે ઘરમાં પૂર્યો હતો. ત્યાં આ હમીન્ગ્સ બર્ડ પહોંચી ગયા અને ઉંધા ઉડવા લાગ્યા. ચોર લોકોને તો આ કૌંતુક જોઇ ભારે અચરજ થયું. બધા ભેગા થઇને આ જાદુ જોતા હતા.

મોનુએ કબૂતર દોસ્ત મારફતે સંદેશો મોકલાવ્યો. "મને રાખ્યો છે એ ઘર પાસે દેવ ચકલીઓ ઉંધી ઉડે છે અને ચોર લોકો એ જાદુ જુવે છે" મોનુના ઘરનાં જુલ્લુને લઇને સંદેશ લાવનાર કબૂતરની પાછળ પાછળ ગયા. એમણે જોયું કે એક અવાવરું ઘર પાસે દેવ ચકલી (હમિંગ્સ બર્ડ) ઉંધી ઉડે છે. અને ઘરમાંથી થોડા લોકો આ જાદુ જુવે છે. એમણે તરત જ ઘર પર છાપો માર્યો અને ચોર લોકોને પકડી લીધા. મોનુ ઘરનાને હેમખેમ મળી ગયો !

આમ પશુ પક્ષીઓ સાથેની દોસ્તીએ મોનુને બચાવી લીધો. તો, આપણો સૌ પણ પશુ-પક્ષીઓ સાથે દોસ્તી કરીએ. એમને ખવડાવીએ, પીવરાવીએ અને આશરો આપીએ.



**તુષાર જે. અંજારીયા**



# વૈદિક ગણિત

કોઇપણ સંખ્યાનો ૯૯ વડે ભાગાકાર

**કોઇપણ સંખ્યાનો ૯૯ વડે ભાગાકાર કરવા માટે જમણી બાજુ પર બે અંક લેવા તથા ૯ વડે ભાગાકારની પદ્ધતિ જ અનુસરો**

### ઉદાહરણ : ૧

**૮૩૬-૯૯**
સંખ્યાના બે ભાગ ૮/૩૬ થાય
ભાગફળ = ૮
શેષ = ૮ + ૩૬ = ૪૪
આમ ૮૩૬-૯૯માં ભાગફળ ૮ તથા શેષ ૪૪ થાય

### ઉદાહરણ : ૨

**૭૨૬ – ૯૯**
સંખ્યાના બે ભાગ ૭/૨૬થાય
ભાગફળ = ૭
શેષ = ૭ + ૨૬ = ૩૩
આમ ૭૨૬-૯૯માં ભાગફળ ૭ તથા શેષ ૩૩ થાય

### ઉદાહરણ : ૩

**૬૨૨૪-૯૯**
સંખ્યાના બે ભાગ ૬૨/૪૪ થાય
ભાગફળ = ૬૨
શેષ = ૬૨ + ૨૪ = ૮૬
આમ ૬૨૨૪-૯૯માં ભાગફળ ૬૨ તથા શેષ ૮૬ થાય

### ઉદાહરણ : ૪

**૪૫૨૩૫-૯૯**
ભાગ ૪/૫૨/૩૫ થાય
ભાગફળ =૪ (૪+૫૨) = ૪૫૬ થાય
શેષ = ૪ + ૫૨ = ૩૫ = ૯૧
આમ ૪૫૨૩૫-૯૯માં ભાગફળ ૪૫૬ તથા શેષ ૯૧ થાય

### ઉદાહરણ : ૫

**૨૬૩૨૩ – ૯૯**
ભાગ -૨(૨-૬૩)-૨૬૫ થાય
શેષ = ૨ + ૬૩ + ૨૩ =૮૮
આમ ૮૩૧૮-૯૯મા ભાગફળ ૮૩ તથા શેષ૨થાય

### ઉદાહરણ : ૬

**૮૩૧૮ – ૯૯**
સંખ્યાના બે ભાગ ૮૩/૧૮થાય
ભાગફળ = ૮૩
શેષ = ૮૩ + ૧૮ = ૧૦ જે ૯૯થી વધુ છે
આથી ૧૦૧-૯૯=૨શેષ થાય અને ભાગફળમાં ૧ ઉમેરો
આમ ૮૩૧૮-૯૯મા ભાગફળ ૮૩ તથા શેષ૨થાય

### ઉદાહરણ : ૭

**૬૮૯૯૬-૯૯**
ભાગ ૬/૮૯/૯૬ થાય ભાગફળ =૬ (૬+૮૯) =૬૯૫ થાય
શેષ = ૬ + ૮૯ + ૯૬ = ૧૯૧ જે ૯૯ થી વધુ છે આથી ૧૯૧-૯૯ = ૯૨શેષ થાય અને ભાગફળમાં ૧ ઉમેરો આમ ૬૮૯૯૬-૯૯માં ભાગફળ ૬૯૬ તથા શેષ ૯૨ થાય
આજ પ્રમાણે ૯૯૯,૯૯૯૯,કે ૯૯૯૯૯ વડે ભાગાકાર કરી શકાય મિત્રો વિચારશો..!! ખરૂ ને ?

## પૂર્ણ વર્ગ સંખ્યાઓનું વર્ગમૂળ કાઢવું

પૂર્ણ વર્ગ સંખ્યાઓના વર્ગમૂળ કાઢવા માટે સૌ પ્રથમ ૧ થી ૧૦ ના વર્ગ આવડવા જરૂરી છે. જે આપને આવડતા જ હશે ખરૂ ને ?

(૧) જે પૂર્ણ વર્ગ સંખ્યાનું વર્ગમૂળ કાઢવાનું હોયય તેના છેલ્લા બે અંક અવગણી બાકી રહેલા અંકને જુઓ અને તે ૧ થી ૧૦ ના વર્ગ પૈકી જે અંકના વર્ગથી વધઉ થતા હોય તે અંક જવાબના દશકના અંક તરીકે લઇલો.

**(૨) હવે રકમનો એકમનો અંક..**

૧ હોયતો જવાબનો અંક ૧ અથવા ૯
૪ હોયતો જવાબનો અંક ૨ અથવા ૮
૯ હોયતો જવાબનો અંક ૩ અથવા ૭
૬ હોયતો જવાબનો અંક ૪ અથવા ૬
૫ હોયતો જવાબનો અંક ૫
હોયતો જવાબનો અંક

(૩) હવે પ્રક્રિયા (૧) માં જે બાકી રહેલ અંક હતા તે ૧ થી ૧૦ ના વર્ગ પૈકી જે બે અંકની વચ્ચે હોય તેમા નીચેની સંખ્યાના વર્ગની નજીક હોય તો જવાબમાં એકમના અંક તરીકે ૧,૨,૩કે૪ મૂકવા તથા ઉપરની સંખ્યાના વર્ગની નજીક હોય તો જવાબમાં એકમના અંક તરીકે ૯,૮,૭ કે ૬ મૂકવા. તથા જો ૦ કે ૫ જ થાય.

**આબાબત નીચે આપેલા ઉદાહરણ પરથી સ્પષ્ટ કરીએ**

### ઉદાહરણ : ૧

**૧૦૨૪નું વર્ગમૂળ શોધો.**
અહી છેલ્લા બે અંક અવગણતાં ૧૦ વધે જે ૩ નો વર્ગ ૯ અને ૪નો વર્ગ૧૬ની વચ્ચે છે આથી દશકમાં અંક ૩ થશે. હવે એકમનો અંક ૪ હોવાથી જવાબનો અંક ૨ અથવા ૮ હોય શકે પરંતુ ૧૦ એ ૩નો વર્ગ ૯ની નજીક છે. એટલે કે નીચેની સંખ્યાની નજીક છે આથી એકમનો અંક ૨ થશે.
આમ ૧૦૨૪નું વર્ગમૂળ ૩૨ થાય ખરૂ ને ?
હવે આ બાબત મૌખિક કરી ગણતરી વગર ઝડપથી વર્ગમૂળ કહી શકાય.

### ઉદાહરણ : ૨

**૨૭૦૪નું વર્ગમૂળ શોધો.**
અહી ૨૭ એ ૫નો વર્ગ૨૫ તથા ૬નો વર્ગ૩૬ની વચ્ચે છે તથા નીચેની સંખ્યા ૫ના વર્ગની નજીક છે આથી ૨૭૦૪નું વર્ગમૂળ ૫૨ થાય સમજાયું ?

### ઉદાહરણ : ૩

**૭૦૫૬નુ વર્ગમૂળ શોધો.**
અહી ૭૦ એ ૮નો વર્ગ ૬૪ તથા ૯નો વર્ગ ૮૧ની વચ્ચે છે તથા નીચેની સંખ્યા ૮ના વર્ગની નજીક છે આથી ૭૦૫૬નું વર્ગમૂળ ૮૪ થાય.

### ઉદાહરણ : ૪

**૯૬૦૪નું વર્ગમૂળ શોધો**
અહી ૯૬એ ૯નો વર્ગ૮૧ તથા ૧૦નો વર્ગ ૧૦૦ની વચ્ચે છે તથા ઉપરની સંખ્યા ૧૦ના વર્ગની નજીક છે આથી ૯૬૦૪નું વર્ગમૂળ ૯૮ થાય ખરૂ ને ?
**નોધ :** અહી ૧ થી ૧૦૦ વચ્ચેની પૂર્ણવર્ગ સંખ્યાઓનું વર્ગમૂળ કાઢવા માટે ૧ થી ૧૦ નો વર્ગ આવડતો જરૂરી છે અને જો ૧૦૧ થી ૨૦૦ વચ્ચેની પૂર્ણવર્ગ સંખ્યાઓનું પણ વર્ગમૂળ આ પદ્ધતિથી જ શોધી શકાય. તો ચાલો થોડા વધુ ઉદાહરણો જોઇએ.

### ઉદાહરણ : ૫

**૧૩૯૨૪નું વર્ગમૂળ શોધો**
અહી ૧૩૯એ ૧૧ નો વર્ગ ૧૨૧ નો વર્ગ ૧૪૪ની વચ્ચે છે તથા ઉપરની સંખ્યા૧૨ના વર્ગના નજીક છે આથી ૧૩૯૨૪નું વર્ગમૂળ ૧૧૮ થાય.

### ઉદાહરણ : ૬


**૬૧૫૦૪નું વર્ગમૂળ શોધો**
અહી ૬૧૫ એ ૨૪નો વર્ગ ૫૭૬ તથા ૨૫નો વર્ગ ૬૨૫ની વચ્ચે છે તથા ઉપરની સંખ્યા ૨૫ના વર્ગની નજીક છે આથી ૬૧૫૦૪નું વર્ગમૂળ ૨૪૮ થાય. **ખાસ યાદ રાખો:** એકમનો અંક નીચેની સંખ્યાની નજીક હોય ત્યારે ૧ માટે ૧,૪ માટે ૨,૯ માટે ૩,૧૬ માટે ૪ થાય તથા ઉપરની સંખ્યાની નજીક હોય ત્યારે ૧ માટે ૯,૪ માટે ૮,૯ માટે ૭,૬ માટે ૬ થાય.



**ડો. અતુલ વ્યાસ**
**શિક્ષણશાસ્ત્રી, રાજકોટ**

**આ દુનિયામાં ઘણી સહેલાઇથી છેતરી શકાય તેવી વ્યક્તિ જો કોઇ હોય તો તે આપણી જાત છે. — લાઇટોન**

# ચિત્રકલા




**આરતી**
ધોરણ ૯, અર્જુન ઇંગ્લિશ સ્કૂલ



**વિધી એસ. ભટ્ટ**
ધોરણ ૯, એ. જી. હાઇસ્કૂલ



**અન્સારી ફરહાન અફરીન**
ધોરણ ૭, શ્રી લઘરામ સ્કૂલ, વડોદરા



**ચશ્માવાલા ફિરદોશ**
ધોરણ ૭, શ્રી લઘરામ સ્કૂલ, વડોદરા

## ચોકલેટ બિસ્કિટ મિલ્કશેક

**સામગ્રી**

- ૩ કપ વેનિલા આઇસ્ક્રિમ
- બે કપ દૂધ
- ૧૦-૧૫નંગ ચોકલેટ બિસ્કિટ
- ૫૦ મિલિલીટર ચોકલેટ સોસ
- ફુદીનાનાં પાન
- લાંબા ગ્લાસ
- ચેરી
- અડધો કપ વિપ્ડ ક્રિમ

**રીત :**

- એક લાંબા ગ્લાસમાં ૧ ટેબલસ્પૂન ચોકલેટ સોસ નાખવો.
- બિસ્કિટનો ભૂકો કરી લેવો
- એક મિક્સર જારમાં બિસ્કિટ,દૂધ, આઇસ્ક્રિમ લઇને ચર્ન કરવું
- એને ગ્લાસમાં નાખી એના પર વિપ્ડ ક્રિમથી ગાર્નિશ કરવું. ઉપર થોડો ચોકલેટ બિસ્કિટનો ભૂકો, ચેરી અને ફુદીનાનાં પાનથી ગાર્નિશ કરવું.

**નોંધઃ**
૧.વધારે હેલ્થી કરવું હોય તો સોયા મિલ્ક લઇ શકાય છે.
૨.બિસ્કિટ થોડાં ઓછા અને થોડીક બદામનો પાઉડર અથવા બદામની પેસ્ટ ઉમેરી શકાય છે.



# બોટલમાં વાવાઝોડું



**સામગ્રી**

- ભરણી
- વીનીગર
- વાસણ ધોવાનું પ્રવાહી (ડીશવોશ)
- ગ્લીટર (ચમકીલો પદાર્થ)

- બરણીને ¾ જેટલું પાણી ભરો.
- તેમાં એક નાની ચમચી વીનીગર અને ડીશવોશ ઉમેરો.
- તેમાં થોડું ગ્લીટર ઉમેરો.
- બરણી પર ઢાંકણું ઢાંકો અને બરણીને ફેરવો બરણીમાં વમળો જોવો બરણીની વચ્ચે વાવાઝોડા જેવું દેખાશે.










## યોગ-૭ મત્સ્યાસન

**મત્સ્યનો અર્થ – માછલી આ આસનમાં શરીરનો આકાર માછલી જેવો બને છે. તેથી આ મત્સ્યાસન કહેવાય છે.**



**વિધિઃ–**

- પહેલા પદ્માસન સ્થિતિમાં બેસવું જોઇએ. પછી પદ્માસનની સ્થિતિમાં જ સાવધાનીથી પાછળની તરફ સીધા ઉંધી જાવ. ધ્યાન રાખો કે સૂતી વખતે બંને ઘૂંટણ જમીન સાથે જોડાયેલા રહે. પછી બંને હાથની મદદથી શિખાસ્થાનને જમીન પર ટેકવો. ત્યારબાદ ડાબા હાથના પગના અંગૂઠો અને બંને કોણીઓને જમીન પર ટેકવી મૂકો.
- એક મિનિટથી શરૂ કરીને પાંચ મિનિટ સુધી અભ્યાસ વધારો. પછી હાથ ખોલીને હાથોની મદદથી માથાને સીધુ કરી કમર, પીઠને જમીન પર ટેકવો. ફરી હાથની મદદથી ઉઠીને બેસી જાવ. આસન કરતી વખતે શ્વાસોશ્વાસની ગતિ સામાન્ય બનાવી રાખો.

**લાભઃ**
આનાથી આંખોની જ્યોતિ વધે છે. ગળુ સાફ રહે છે. અને છાતી અને પેટના રોગ દૂર થાય છે. રક્તપરિભ્રમણની ગતિ વધે છે. જેને કારણે ચામડીના રોગ નથી થતા દમના રોગીઓને આનાથી ફાયદો થાય છે. પેટની ચરબી ઘટે છે. ખાંસી મટે છે.



## જો જો પાછા હસતા નહી

### હુ પાકી ગઇ

બે છોકરીઓ એક કેરીના ઝાડ નીચે બેસીને વાતો કરી રહી હતી. થોડીવાર પછી અચાનક એક કેરી તેમના પર પડી
**એક છોકરી :** અરે.. આ કેરી કેવી રીતે પડી ?
**કેરી બોલીઃ** હું પાકી ગઇ તમારી વાતો સાંભળી સાંભળીને !!

### સાયકલની દુકાન

બંટા સિંહે સાયકલની દુકાન કરી અને પહેલો જ ગ્રાહક કરસન કડકો.
મારે એક સાયકલ લેવી છે પણ સરળ હપ્તેથી લેવા માંગુ છું, કરસન બોલ્યો.
વાંધો નહી, બંટા સિંહે કહ્યું.
પહેલા હેંડલ લઇ જવું છે કે પેંડલ.

### સેંટ મેસેજ

**પહેલો સરદારઃ** યાર આ સેંટ મેસેજ મતલબ શું હોય છે. ?
**બીજો સરદારઃ** સાલા ઘોંચું બેવકૂફ.. અક્કલના ઓથમીર તે જ સરદારોનું નામ ખરાબ કરી મૂક્યું છે. એટલુ પણ નથી જાણતો કે સેંટ મેસેજ એટલે સુગંધવાળો મેસેજ.

### અડકવું નહીં

એક ભાઇએ દૂરથી એક બોર્ડ થાંભલા પર ઉંચે લગાડેલુ જોયું. તે પાસે ગયા, પરંતુ એ બોર્ડ પર લખેલા અક્ષરો બહુ નાના હતા એટલે એમને બરાબર વંચાયું નહીં. છેવટે બોર્ડ વાંચવા એ ભાઇ થાંભલે ચઢી ગયા! ઉપર ચઢીને એમણે જોયુ તો બોર્ડમાં એવું લખેલુ કે થાંભલો તાજ રંગેલો છે. અડકવું નહીં.

બે ધર્મો વચ્ચે કદી પણ ઝગડો થતો નથી. જો ઝગડો થાય છે તે બે અધર્મો વચ્ચે થાય છે. — વિનોબાજી

# એજ્યુકેટર્સ એવોર્ડ ટોર્ચ બેરરર્સનું સન્માન


શ્રીમતી ઇન્દીરા ભાટીયા


શ્રી જીતેન્દ્ર ત્રિવેદી


શ્રી સંજય મહેતા


શ્રી હિરેન પટેલ


શ્રી રાજેન્દ્ર બારડીયા

# 'ધી ઓપન પેજ' એજ્યુકેટર્સ એવોર્ડ વતી રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોનું પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા દ્વારા સન્માન

સમગ્ર વિશ્વમાં સૌથી ઉંચુ સ્થાન માતા પછી ગુરૂનું આવે છે. ગુરૂ એટલે શિક્ષક. જેને આપણે સામાન્ય ભાષામાં માસ્તર કહીએ છીએ. એટલે કે માતાનું સ્તર ધરાવતો શિક્ષક. બાળકોના મનમાં પોતાનો શિક્ષક એક આદર્શ હોય છે. આપણ ભારત દેશમાં ગુરૂ એટલે કે શિક્ષકનું સ્થાન ખૂબ સન્માનને પાત્ર છે. પરંતુ આ સન્માનનો સાચો હક આપવા માટે , 'ધી ઓપન પેજ' અમદાવાદ, સતત બે વર્ષથી એજ્યુકેટર એવોર્ડ યોજી રહ્યું છે. અને આ વખતે ત્રીજો એજ્યુકેટર એવોર્ડ પણ આયોજીત કર્યો હતો. જે તારીખ ૨૨/૦૧/૨૦૧૭ રવિવારના રોજ H.K.Dimond Hub (Hari Krishna Export) ઈચ્છાપોર, સુરત ખાતે યોજવામાં આવ્યો હતો. જેના મુખ્ય અતિથિ વિશેષ પૂજ્ય ભાઈશ્રી રમેશભાઇ ઓઝા તથા અતિથિ વિશેષમાં સુરતના કલેકટર શ્રી મહેન્દ્રભાઇ પટેલ, વીર નર્મદ યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર શ્રી દક્ષેશભાઈ ઠાકર, H.K.Dimond Hub ના માલિક શ્રી સવજીભાઇ ધોળકિયા અને સુરતના ડિસ્ટ્રિકટ એજ્યુકેશન ઓફિસર શ્રી ડો. યુ. એન. રાઠોડ.

સર્વએ દીપ પ્રાગટ્ય સાથે એવોર્ડ સમારંભનો આરંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના માર્ગદર્શક સમાન ટોર્ચબેરરનું કામ અર્પણ કરવા બદલ, હાજર રહેલા બધા જ્યુરી મેમ્બર અને શિક્ષણક્ષેત્રે મહાન યોગદાન આપેલું એવા વેટરનર્સનું સન્માન કરવામાં આવ્યું હતું. એવોર્ડની સાથે સાથે રૂા. ૧૧૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ એવોર્ડમાં કુલ ૧૨ કેટેગરીના વિજેતાઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા. જેમાં પ્રી. કે.જી. એજ્યુકેટર, એલીમેન્ટરી એજ્યુકેટર, એલીમેન્ટરી પ્રિન્સિપાલ એજ્યુકેટર, સેકન્ડરી એજ્યુકેટર, સિનિયર સેકન્ડરી એજ્યુકેટર, સેકન્ડરી સિનિયર સેકન્ડરી પ્રિન્સિપાલ એજ્યુકેટર, ટીચર એજ્યુકેટર, સોશીયલ સર્વિસ એજ્યુકેટર, સ્પેશીયલ એજ્યુકેટર, પેરેન્ટ એજ્યુકેટર, સંસ્કૃત પાઠશાળા એજ્યુકેટર અને સ્કૂલ મેનેજમેન્ટ એજ્યુકેટર વગેરે કેટેગરી રાખવામાં આવી હતી. આ એવોર્ડમાં સમગ્ર ગુજરાતમાંથી ૪૦૦ જેવી પ્રોફાઇલ આવી હતી. આ એવોર્ડનો ઉદ્દેશ ગુજરાતના નાના-મોટા શહેરો તથા અંતરિયાળ ગામમાં શિક્ષક તથા અન્ય રીતે સારી કામગીરી બજાવતાં લોકોને પ્રોત્સાહિત કરી વધારે કાર્યશીલ બની સમાજમાં પોતાનો અમૂલ્ય ફાળો આપતા રહે તે અંગેનો છે.








શ્રી યુ એન રાઠોડ (ડીઇઓ)નું શ્રીમતી જ્યોતિબેન ભટ્ટ દ્વારા સન્માન


શ્રી દક્ષેશ ઠક્કર વીર નર્મદ યુનિવર્સીટીના વાઇસ ચાન્સેલરનું શ્રીમતી પ્રતિક્ષાબેન પરીખ દ્વારા સન્માન

## ત્રીજા એજ્યુકેટર્સ એવોર્ડના વિજેતા ૨૦૧૬-૧૭


પૂજા ડી. જેસ્વાલ
પ્રી સ્કૂલ એજ્યુકેટર્સ એવોર્ડ


ડૉ. બલવંતભાઈ એમ. તેજાની
પ્રાથમિક સ્કૂલ એજ્યુકેટર એવોર્ડ


બલદેવભાઈ જે. પરી
માધ્યમિક સ્કૂલ એજ્યુકેટર એવોર્ડ


મીનાક્ષીબેન એમ. વખારીઆ
ડિપ્લોમા, સિનિયર, માધ્યમિક એજ્યુકેટર એવોર્ડ


મહેશકુમાર સી. પરમાર
પ્રાથમિક આચાર્ય એજ્યુકેટર્સ એવોર્ડ


રીટાબેન આર. પટેલ
માધ્યમિક, ઉ. મા. પ્રિન્સિપલ એજ્યુકેટર્સ એવોર્ડ


ડૉ. સંતોષ ડી. યાદવ
શિક્ષક એજ્યુકેટર્સ એવોર્ડ


કિરનકુમાર જી. પટેલ
સમાજ સેવા એજ્યુકેટર્સ એવોર્ડ


સુધા જી. જોષી
સ્પેશિયલ એજ્યુકેટર્સ એવોર્ડ


વેલુમુર્ગ
પેરેન્ટ ઓફ ધી યર એજ્યુકેટર્સ એવોર્ડ


બીજલ જે. હરખાની
પેરેન્ટ ઓફ ધી યર એજ્યુકેટર્સ એવોર્ડ


ડાહ્યાભાઈ સી. પટેલ
શ્રેષ્ઠ શાળા સંચાલક એજ્યુકેટર્સ એવોર્ડ


અશ્વિનભાઈ કે. રાજગોર
શ્રેષ્ઠ સંસ્કૃત પાઠશાળા એજ્યુકેટર્સ એવોર્ડ


શ્રી વલ્લભભાઈ સવાની


શ્રી કનુભાઈ ટેલર


શ્રી કેશવલાલ બી. નાઈ


શ્રીમતી હંસાબેન ઉપાધ્યાય


શ્રીમતી સહેનાઝ હિલ્લુવાલા


પૂજ્ય શ્રી પી.પી. સ્વામી

## શાળામાં વિવિધ પ્રવૃત્તિઓની ઉજવણી





**પ્રવૃત્તિ પમરાટ**

આપણી સંસ્કૃતિ, સમાજમાં સમયાંતરે આવતાં તહેવારો જીવનમાં તાજગી, ઉલ્લાસ અને ઉત્સાહ ભરી દે છે. વિવિધ ઋતુઓમાં આવતા તહેવારો ઋતુઓની મહત્તા દર્શાવે છે. જાન્યુઆરી માસમાં આવતો ઉત્તરાયણનો તહેવાર માણવા આબાલ વૃદ્ધ દરેક તત્પર હોય છે. બાળકોના આ પ્રિય તહેવારની પૂર્વ ઉજવણી તા. ૧૩/૦૧/૨૦૧૭ ના રોજ પ્રવૃત્તિઓ દ્વારા કરવામાં આવી. તે અંતર્ગત ધોરણ ૧,૨ના વિદ્યાર્થીઓએ પતંગમાં રંગ પૂર્યા. ધોરણ ૩,૪ અને ૫ ના વિદ્યાર્થીઓએ વિવિધ માસ્ક (મોહરા) બનાવ્યા અને ધોરણ ૬ થી ૯ ના વિદ્યાર્થીઓએ જાતે પતંગ બનાવ્યા હતા. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોએ પોતાનામાં રહેલી સર્જનાત્મકતા, ક્ષમતાનો પરિચય આપ્યો.

આ ઉપરાંત ઉજવણીના ભાગ રૂપે ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓએ ભેળ બનાવી હતી. અને સહુએ સાથે મળીને તેનો સ્વાદ માણ્યો હતો.

### FLOWER SHOW

તા. ૧૨/૦૧/૨૦૧૭ ગુરૂવારના રોજ ત્રિપદા હાઇસ્કૂલના ધોરણ ૧ થી ૯ ના વિદ્યાર્થીઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજીત 'Flower show' રિવરફ્રંટની મુલાકાતે ગયા હતા. વર્ગખંડમાં અપાતા મેળવાતા શિક્ષણ ઉપરાંત 'Flower show' ના માધ્યમથી બાળકોને પ્રત્યક્ષ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. રંગીન ફૂલોથી બનાવેલ વિવિધ પ્રતિ કૃતિઓ જેવી કે ડાયનાસોર, ફ્લેમિંગો, કાચબો, દેડકો, પતંગિયા, ઢીંગલી, મોર, ત્રણ દરવાજા, હિપોપોટેમસ ખૂબ આકર્ષક હતા. વિશાળ પરિસરમાં આયોજન પૂર્વક કરેલ પ્રદર્શન સાથે જંગલોનું મહત્વ દર્શાવતા ચાર્ટ, વિડિયો, ગાર્ડનીંગને લગતી બાબતોથી વિદ્યાર્થીઓ માહિતગાર બન્યા હતા.







## રામેશ્વર શિક્ષણ સંકુલ (નિકોલ) નવરસ – સાંસ્કૃતિક કાર્યક્રમ











નિકોલ વિસ્તારમાં આવેલી રામેશ્વર સ્કૂલના બાળકોએ 'નવરસ' પર સાંસ્કૃતિક કાર્યક્રમ તૈયાર કરીને શાળાનો વાર્ષિક દિન ઉજવ્યો. શોર્ય, વીર, શ્રુંગાર, હાસ્ય, રૌદ્ર, ભયાનક, બિભત્સ, શાંત અને અદ્‌ભૂત એમ ૯ રસની થીમમાં બેટી બચાવો, બેટી પઢાઓ, સ્વચ્છતા, અભિયાન તથા સંસ્કારની વાતને વણી લેવામાં આવીને સુંદર કાર્યક્રમ યોજાયો હતો.

## બાળકની હાજરીમાં કરવામાં આવતા વ્યવહારો

મનુષ્ય એક સામાજીક પ્રાણી છે. સમાજ વચ્ચે રહી સમાજ જીવનમાં ચાલતી રોજ રોજની પ્રવૃત્તિઓથી એ વાકેફ થાય છે. પરંતુ મનુષ્ય જીવનમાં બાલ્યાવસ્થા, તરૂણાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા જેવી અવસ્થા છે. જેમા મનુષ્ય એકબીજા સાથે વ્યવહાર સાધતો આવ્યો છે. મા-બાપ, દાદા-દાદી, મિત્રો, સગા સંબંધી વગેરે.. બાળક આ તમામ પાસેથી યેન-કેન પ્રકારે સંસ્કાર પામી મોટું થાય છે. તેમા ખાસ કરીને મા-બાપનો ફાળો મહત્વનો હોય છે.

આજે કેટલાક મા-બાપ આ અંગે જોઈએ તેટલી કાળજી લેતા નથી અથવા લઈ શકતા નથી. સમતોલ આહાર અને સંયમની ટેવો વિશે દુર્લભ સેવામાં આવી રહ્યું છે. એટલુ જ નહી પણ આ સદગુણોની જડ જ ઉખાડી નાખવામાં આવી છે. શ્રમ કરવાનું, જતુ કરવાનું, વાંચન કરવાનું વગેરે સદગુણોની તાલીમ વિશે દુર્લક્ષ સેવે છે. તેનાથી વિપરિત આળસુ થઈને પડ્યા રહેવાની, મહેનતથી પેદા થયેલી ચીજોને તુચ્છ કરવાની આદત પરોક્ષ રીતે વધી રહી છે. નીચે બેસીને જમવામાં, ચમચીની જગ્યાએ હાથથી જમવામાં તેઓ નાનપ અનુભવે છે.

**મારો અનુભવ**



**પંજવાણી જય**
ધોરણ : ૧૨ સાયન્સ
પાઠક સ્કૂલ, રાજકોટ

બાળક વસ્તુ બગાડે, ફેંકી દે તો મા-બાપ તેને પૈસા ખર્ચીને ફરી તેજ વસ્તુ વસાવી આપે છે. પણ એ વસ્તુ કેવી રીતે બને છે. ઉપયોગ કેમ અને કેટલા અંશે થાય, તેવા વિચારો બાળકને આપતા નથી.

બાળકએ સમાજની પ્રતિકૃતિ છે. પરિવારમાં જે કોઈ પણ વાણી, વ્યવહાર, વર્તન થતા જુએ છે તેનુ તે અનુકરણ કરે છે. તમારૂ સારૂં – નબળુ પાસુ પણ એ ચોક્કસ પણે જાણતુ હોય છે. ઉંમરના પ્રથમ પાંચેક વર્ષ સુધી બાળકને પ્રેમ આપો ત્યારબાદ અનુશાસન પણ જરૂરી છે. જ્યારે બાળક અનુશાસનનો ભંગ કરે ત્યારે મા-બાપ લાગણીના આવેગો પાથરીને તેને છાવરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ કે હસવામાં ન કાઢવું જોઈએ.

બાળપણમાં તમે બાળકને મીઠાં ઠપકા આપી શકશો કે હળવી શિક્ષા પણ આપી શકશો. તેમ કરવાથી ખોટી આદત પડતી અટકશે. નહીતર મોટા થયા પછી તેની સામે સખત નહી થઈ શકો કે ગેરમાર્ગે જતુ અટકાવી નહી શકો. બાળકની ફરિયાદ હોય ત્યારે બાળકની હાજરીમાં તેનો પક્ષ લેશો તો સમજવું કે એજ બાળક ભવિષ્યમાં તમારી વિરૂધ્ધ દિશામાં જશે. બાળક તમારૂં કહેલુ કાર્ય ન કરે કે વચન ન પાળે તો સમજવું કે આપણાથી કંઈક કચાશ રહી છે.



## જુનાગઢની સરસ્વતી સ્કૂલમાં સલાડ અને ફ્રૂટ ડેકોરેશન સ્પર્ધા યોજાઇ



જુનાગઢમાં સરસ્વતી સ્કૂલના સંચાલકો જણાવે છે કે વર્તમાન યુગમાં બાળકોમાં ફાસ્ટ ફૂડ તથા બહારની વસ્તુઓ ખાવાની ખોટી આદતો ખૂબ જ વધી ગઇ છે. ફાસ્ટ ફૂડ બાળકના સ્વાસ્થ્યને ખૂબ જ હાનિકારક છે ત્યારે બાળકોમાં સલાડ તથા ફળ ખાવામાં રૂચિ વધે તથા બાળકો સલાડ અને ફળનું મહત્વ સમજે તેવા આશયથી સરસ્વતી સ્કૂલમાં સલાડ તથા ફ્રૂટ ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરસ્વતી સ્કૂલના અંદાજે ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સરસ્વતી સ્કૂલમાં આયોજીત સલાડ તથા ફ્રૂટ ડેકોરેશન સ્પર્ધાની ધ્યાન ખેંચનારી બાબત એ હતી કે આ સ્પર્ધામાં ખૂબ જ નાની ઉંમરના બાળકો એ ભાગ લઇ અને પ્રોફેશનલ કેટરર્સ કરતાં પણ વધુ સારી રીતે ડેકોરેશન કર્યુ હતું.

સ્પર્ધાને સફળ બનાવવા સરસ્વતી સ્કૂલ પરિવારે ખૂબ જ જહેમત ઉઠાવી હતી તથા સરસ્વતી સ્કૂલના સંચાલકો એ માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.
















જીભએ બુદ્ધિના ખજાનાની ચાવી છે. ચાવી લગાડી ખજાનો ઉઘાડો નહિ ત્યાં લગી કેમ ખબર પડે કે અંદર શુ છે. — શેખ શાદી


# વિશ્વનું સૌથી નાનું શિયાળ: ફેનેક ફોક્ષ

- બુદ્ધિશાળી પણ લુચ્ચા પ્રાણી તરીકે જાણીતા શિયાળની ઘણી જાત હોય છે. ભરચક વાળવાળી ભરાવદાર પૂંછડીવાળા શિયાળ સામાન્ય રીતે કૂતરાના કદના હોય છે.
- સહારા અને આફ્રિકાના રણપ્રદેશનાં જોવા મળતું ફેનેક ફોક્ષએક જ ફૂટ લાંબુ અને એક કિલો વજનનું હોય છે.
- નાનકડા શરીર પર ચારથી પાંચ ઇંચ લાંબા કાન તેની વિશેષતા છે. મોટી આંખોને કારણે અન્ય શિયાળ કરતાં તે જુદું દેખાય છે.
- દિવસે ખૂબજ ગરમી અને રાત્રે ખૂબજ ઠંડી હોય તેવા રણપ્રદેશમાં જોવા મળતાં ફેનેક ફોક્ષને શરીર પર ભરચક વાળ હોય છે.
- આ પ્રાણી ટોળામાં રહે છે. સામાજિક છે એટલે પાળી શકાય છે. તે ઉંદર, ખિસકલી જેવા નાના પ્રાણીઓનો શિકાર કરે છે.
- ફેનેક બે ફૂટ ઉંચો કૂદકો મારી શકે છે.
- પાણી વિના લાંબો સમય જીવી શકે છે.
- ફેનેક ફોક્ષ જમીનમાં દર બનાવીને રહે છે.




# જુદા જુદા રાજ્યોના રાજ્ય પ્રાણીઓ


ગુજરાત
**એશીયાઇ સિંહ**
Asiatic Lin


આંધ્ર પ્રદેશ, હરિયાણા, પંજાબ
**કાળીયાર**
Black buck


અરૂણાચલ પ્રદેશ
**ગાયલ**
Gayal


આસામ
**એક સિંગ ગેડો**
One Horned Rtino


બિહાર, ગોવા, નાગાલેંડ
**ભારતીય જંગલી બળદ**
Gaur



છતીસગઢ
**જંગલી ભેંસ**
Wild Buffallo



હિમાચલ પ્રદેશ
**બરફી દીપડો**
Snow Leopard


જમ્મુ કાશ્મીર
**કાશ્મીરી મૃગ**
Kashmiri Stag



ઝારખંડ, કર્નાટિક, કેરલ
**ભારતીય હાથી**
Indian Elephant



મેઘાલય
**ટપકાવાળો દીપડા**
Clouded Leopard


મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ
**બારાસીન્ગા**
Swamp Deer


મહારાષ્ટ્ર
**શેકરૂં**
Indian Giont Squirrel


મણીપુર
**સાન્ગાઇ**
Sangai


મિઝોરમ
**ગીબોન**
Hoolock Gibbon


ઓરિસ્સા
**સાંબર**
Sambar

# વિચારોનાં ચશ્માને પણ જરા સાફ કરતા રહેવા



ભાદરવા મહિનાના ધોમધખતા તાપમાં બપોરના સમયે એક ભાઇ દૂધપાકની ડોલ હાથમાં લઇને ગટર પાસે ઉભા હતા અને એક ચમચા વડે ડોલમાંથી દૂધપાક લઇને થોડો થોડો ગટરમાં નાંખતા હતા. કેસર ઇલાયચીવાળા સુકા મેવાથી ભરપૂર મસ્ત મજાના દૂધપાકને ગંદી ગટરમાં નાંખતા જોઇને એમને આશ્ચર્ય થયુ. દૂધપાકને ગટરમાં નાંખી રહેલા પેલા ભાઇને પૂછ્યું. “તમે, કેમ દૂધપાકને ગટરમાં નાખી દો છો.?” પેલા ભાઇએ બડાપો કાઢતા કહ્યું. “અરે ભાઇ, શું કરું ? આજે મારા દાદાના શ્રાધ્ધ નિમિત્તે કેટલી મહેનતથી આ સરસ મજાનો દૂધપાક બનાવ્યો હતો.” પણ તેમાં આ બે માંખો પડી છે. અને મરી ગઇ છે. એટલે ચમચાથી બહાર કાઢીને ગટરમાં ફેંકવા માટે આવ્યો છું. પણ માંખ બહાર નીકળવાનું નામ જ નથી લેતી.

વાત સાંભળતા જ રસ્તેથી પસાર થતા હતા તે ભાઇ ખડખડાટ હસી પડ્યા અને કહ્યું. “ભાઇ આમ જ જો આ મરેલી માંખોને બહાર કાઢવાનો પ્રયાસ કરશો તો આખી

ડોલ ખાલી થઇ જશે તો પણ માંખો બહાર નહી નીકળે.એક કામ કરો તમે જે ચશ્મા પહેર્યા છે તે મને આપો.” દૂધપાકની ડોલ નીચે મૂકીને પોતાના ચશ્મા ઉતારીને એ ભાઇના હાથમાં આપ્યાં. ચશ્માનાં કાચ પર બે માંખો ચોંટી હતી. કપડું લઇને ચશ્મા બરાબર સાફ કર્યા પછી આપીને કહ્યું. “હવે આ ચશ્મા પહેરો” પેલા ભાઇએ ચશ્મા પહેરીને જોયુ તો દૂધપાક તો ચોખ્ખો હતો. એમાંથી મરેલી માંખો જતી રહી હતી.

આપણા વિચારોરૂપી ચશ્મા પર ચોંટેલી નકારાત્મતારૂપી માંખોને કારણે આ દુનિયાને અને દુનિયાના લોકો સાથેના આપણા સંબંધને જે સરસ મજાના દૂધપાક જેવા મીઠા છે તેને ગંદી ગટરમાં ફેંકી રહ્યા છીએ. વિચારોના ચશ્માને પણ જરા સાફ કરતા રહેવા.

**શૈલેષ સગપરીયા**

## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૦૨-૨૦૧૭ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.**

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

**શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ**

**નામ:** ____________________

**સ્કૂલનું નામ:** ____________________

**ધોરણ:** ____________ **મો.નં.:** ____________


**ફોટો**




આત્મવિશ્વાસ જ અદ્દભુત, અદ્રશ્ય અને અનુપમ શક્તિ છે જેને આધારે જ તમે તમારા ધ્યેય તરફ આગળ વધો છો. તે જ તમારો આત્મા છે. તે જ તમારો પથદર્શક છે. — સ્વેટ માર્ડન

## દર્શાવેલ કલર પ્રમાણે માછલી અને ઓક્ટોપસમાં કલર પૂરો

આગળની માછલીમાં કલર પૂરો | વચ્ચેની માછલીમાં કલર પૂરો | છેલ્લી માછલીમાં કલર પૂરો




આગળના ઓક્ટોપસમાં કલર પૂરો | વચ્ચેના ઓક્ટોપસમાં કલર પૂરો | છેલ્લા ઓક્ટોપસમાં કલર પૂરો




## યોગ્ય ગણતરી કરી સાચા જવાબ ઉપર ગોળ કરો


2 6 3



9 4 5



8 4 2




9 1 7




## મરજીવાને ખજાના સુધી પહોંચવા મદદ કરો



## નંબર પ્રમાણે ટપકા જોડો





## સરખા દેખાતા બે ચિત્રમાંથી છ તફાવત શોધો





## ગુણાકાર કરો

અંદર આપેલી એક સંખ્યાને બહાર આપેલી સંખ્યા સાથે ગુણાકાર કરો અને જવાબ સૌથી બહારના ગોળમાં લખો





## યોગ્ય ગણતરી કરો









## ચાલો ઘુવડ દોરતા શીખીએ




## યોગ્ય ગણતરી કરો








## સરવાળા કરો અને આપેલા કલર જવાબના ખાનામાં પૂરો





## સુડોકુ

આપેલા અક્ષરોને આડી અને ઉભી બન્ને રીતે લાઇનમાં એક જ વાર આવે તે રીતે સુડોકુ પૂર્ણ કરો



# કામ શોધકથી કામ સર્જક સુધી



સ્વર્ગસ્થ 'શ્રી અબ્દુલ કલામે' તેમની આંતર રાષ્ટ્રીય સંમેલનને સંબોધતા ૨૦૧૦માં કહેલુ કે "કાર્યક્ષમતા વધારવા માટે ટેકનોલોજીથી આગળ વધતા કામ શોધકો તૈયાર કરવા કરતા, કામ સર્જકો તૈયાર કરવાની જરૂર છે." તે દિવસથી શિક્ષણ વિદોમાં આ ખ્યાલ ને અનુસરવા માટેની ચર્ચાઓ શરૂ થઇ છે. આ શબ્દો ઘણી શૈક્ષણિક સંસ્થાઓ તેમજ સરકારી એજન્સીઓ દ્વારા અવાર-નવાર વાપરવામાં આવે છે. પરંતુ શું આપણે ખરા અર્થમાં તેનો ભાવાર્થ સમજ્યા છીએ? મૂળ પ્રશ્ન એ છે કે કામ શોધકો અને કામ સર્જકો વચ્ચે તફાવત શું છે? કામ શોધનારના ગુણો અને લક્ષણો કેવા હોય છે ? કઇ ઉંમરથી વિદ્યાર્થીઓમાં કામ સર્જકો બનવાની તાલીમ આપવાનુ શરૂ કરવું જોઇએ ? કોઇ કઇ રીતે નાની ઉંમરમાં બાળકોમાં કામ સર્જકોની ક્ષમતા સર્જી શકે ? આપણા સમાજને શું ફાયદો થશે જો બાળકો કાર્ય સર્જકો બને ? મારા આ લેખ દ્વારા હું ઉપર દર્શાવેલ તમામ સવાલોનો સરળ ભાષામાં જવાબ આપવાનો પ્રયત્ન કરીશ.

વર્તમાન શૈક્ષણિક વ્યવસ્થા નીચે દર્શાવેલ મુદ્દાઓમાં ફસાયેલી નજરે પડે છે.

**શાળોઓમાં સ્પર્ધા**

- ફક્ત ગુણો ટકાવારી અને ગ્રેડ પાછળની આંધળી દોટ
- વાલીઓ તરફથી વધુ ગુણો લાવવા માટેનુ દબાણ
- વાલીઓમાં એન્જીનીયરીંગ, સીએ, દાક્તરી તેમજ ફાર્મસી સિવાયના કારકિર્દી વિકલ્પોના જ્ઞાનની ઉણપ
- પુસ્તકોમાં ના જ પ્રશ્નો પૂછવાનું શાળાઓ પર થતું દબાણ અને જો આમ ન થાય તો હડતાલોનો તોડાતો ભય
- બાળકોમાં ભુલાતું જતુ ગણિત, વિજ્ઞાન અને ભાષાઓ સાથેની ગમ્મત.
- અપર્યાપ્ત રીતે શિખવવામાં આવતુ વ્યાકરણ
- ઉપરોક્ત દર્શાવેલ ખામીઓ માટે દોષી માનવામાં આવતા બાળકો.

**વિભાજ્ય કુટુબોમાં કાર્યો કરતા માતા-પિતા**

- ધીરજની કમી
- બાળકોના પ્રશ્નો કરવા પર ચિડાઇ જતા માતા-પિતા
- બાળકોની જિજ્ઞાસાને મારવુ

**ટેકનોલોજી**

- હથેળીના ઇશારે પર્યાપ્ત માહિતી
- શાળાઓ દ્વારા થતો ટેકનોલોજીનો નહિવત ઉપયોગ
- વિભાજ્ય કુટુંબોમા જ્યાં માતા-પિતા બંને કામ કરતા હોય ત્યાં બાળકોને વ્યસ્ત રાખવા ટેકનોલોજી યંત્રોનો થતો ઉપયોગ.

**પરિણામ**

- સર્જનાત્મકતા અને નવીનીકરણ ને અટકાવવું
- જિજ્ઞાસાને મારવી

**કોણ છે કાર્ય સર્જકો?**

અહિયા હુ કાર્ય સર્જકોને વ્યાખ્યા સ્વરૂપે દર્શાવવા કરતા એવા લોકો કહીશ જે લોકો સંસ્થાઓની કાર્યદક્ષતા વધારે અને તેને નવી ઉંચાઇઓ સ્તર કરાવે. કાર્ય સર્જકો નેતાઓ હોય છે. તેઓ સર્જનાત્મક હોય છે. નવા વિચારો લાવે છે. નવી પદ્ધતિઓ દર્શાવે છે. નવા ઉત્પાદનો બનાવે છે. અને સંસ્થાઓ માટે નવા દરવાજાઓ ખોલે છે. આ માટે તેઓએ સર્જનાત્મક, નવીન અને ઉદ્યોગ સાહસિકોની વિચારસરણી રાખવી જરૂરી છે. પ્રબંધક ફક્ત અનુસરે છે. જ્યારે કાર્ય સર્જકો બનીને 'લીડર'ની ભૂમિકા ભજવે છે. આજ તફાવત છે કાર્ય શોધનાર અને કાર્ય સર્જકમાં.

કોઇએ સાચુ જ કહ્યું છે કે "આ બધુ જ નવા જમાનાના ઉદ્યોગ સાહસિકો બનવાથી જ ચાલુ થશે. સારી વસ્તુઓ જાતે તમારી પાસે આવશે, એવુ વિચારવા કરતા પોતાના ભવિષ્યને પોતાના હાથોમાં લઇને તેમા બદલાવ લાવવા એ જ સાચો સુધાર છે." કામ સર્જક હોવાનો એ મતલબ નથી કે તમે જાતે જ ઉદ્યોગ સાહસિકો બનો કે તમારા પોતાના જ ઉદ્યોગો સ્થાપિત કરો. તે એક કર્મચારી પણ હોઇ શકે છે. એક કર્મચારી હોવા છતા જ્યારે તે એક ઉદ્યોગ સાહસિકની જેમ વિચારે તેને જ ખરા અર્થમાં પ્રગતિ કહેવાય. તે પોતાના કામની જવાબદારી સ્વીકારતા શીખે, પોતાના સહકર્મચારીઓ માટે આદર્શ બને નવી બુલંદીઓ હાંસલ કરવા માટે તે જ ખરા અર્થમાં ઉદ્યોગ સાહસિક છે. આ માટે આપણે જો શાળાના બાળકોમાં જ કામ સર્જક ઉભા કરીશું તો તે આપણા દેશની સફળતા માટે મજબુત પાયો બની રહેશે.

**કામ સર્જકો કેવી રીતે બનાવીશું ?**

આપણા દેશની શૈક્ષણિક વ્યવસ્થા 'બ્રિટિશરો' દ્વારા એ માટે બનાવવામાં આવેલી જેથી તેઓ કારકુનો અને અધિકારીઓ બનાવી શકે જે તેમના હુકમો લઇને, તેમને દેશ ચલાવવામાં મદદ કરે. મારી માન્યતા મુજબ, આપણી આઝાદી પછી ઘણા બદલાવો આપણે અપનાવ્યા છે. પરંતુ શૈક્ષણિક વ્યવસ્થા હજુ પણ જુની જ છે. મુખ્યત્વે મહત્વ પુસ્તકોમાં રહેલા જ્ઞાન ને જ આપવામાં આવ્યુ છે, ના કે વ્યક્તિગત આવડત. આપણે પુસ્તકીય જ્ઞાનની આગળ તેઓને સવાલ પૂછતા જ અટકાવી દીધા છે. તેઓ શાળામાં પોતાની જાતે નવા પ્રયોગો કરે તે પોતાના વિચારો વ્યક્ત કે તેવી કોઇ તક તેમને આપવામાં આવતી નથી. આજ એક મુખ્ય કારણ છે કે આપણા દેશની ઉચ્ચ કક્ષાની 'કોલેજો' પણ દુનિયાની 'ટોપ ૧૦૦' સંસ્થાઓમાં સ્થાન નથી મેળવી શકતી. દુનિયાની ઉચ્ચ કક્ષાની 'કંપનીઓ' હોવા છતા આપણો દેશ એ સ્તર સુધી નથી. આ દર્શાવે છે કે આપણા વિદ્યાર્થીઓ સક્ષમ છે, પરંતુ તેમની અંદર રહેલી ક્ષમતાને બહાર કાઢવાની જરૂર છે. કલ્પના કરો કે જો આટલી ભૂલો ભરેલી વ્યવસ્થા આટલા સક્ષમ મુખ્ય કારોબારી અધિકારીઓ દેશને આપી શકે છે તો જો દરેક વિદ્યાર્થીને તેની આવડતથી અને સર્જનાત્મકતાથી આગળ વધવા દેવામાં આવે તો તેઓ ક્યાં પહોંચી શકે.

**આપણે ક્યાંથી શરૂ કરીએ અને તેમાં શાળાઓની ભૂમિકા**

વિદ્યાથીઓને ઉદ્યોગ સાહસિક બનાવવા માટે શાળાઓએ શરૂઆત કરવી પડે, પહેલા જ દિવસથી જ્યારે તેઓ શાળાઓમાં પ્રવેશે, શાળાઓના શિક્ષકો એજ પોતે ઉદ્યોગ સાહસિકોની જેમ વિચારતા થવુ પડશે. શરૂઆત તો કરવી જ રહી. આ ખૂબજ અગ્રીમ શરૂઆત જરૂરી છે.આજના સમયની, પ્રયોગોના કલાકો વધુ રાખો. સહયોગતાના કલાકો વધુ રાખો. બાળકોને તક આપો કે તેઓ પોતાના વિચારો પર કામ કરે અને તેને રજુ કરતા શીખે. કક્ષામાં બોર્ડ પર નિયમો સમજાવવાથી આ નહી થાય બાળકોને વ્યવહારૂ જ્ઞાન મળે તેમ કાર્ય કરો. પ્રયોગશાળાઓમાં વધુ સમય વિતાવવાની તક આપો.

અમેરિકાના મુખ્ય પ્રધાન 'બરાક ઓબામા' એ કહેલુ છે કે "જો આપણે આપણા વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાન જેવા નહી બનાવીએ તો એ દિવસ દૂર નથી જ્યારે ભારત અને ચીન આપણાથી આગળ હશે." પરંતુ આપણે આપણી જુની શૈક્ષણિક વ્યવસ્થાને ભૂલીને પશ્ચિમિ શૈક્ષણિક વ્યવસ્થા પાછળ ભાગીએ છીએ. ગુજરાત રાજ્ય કક્ષાના વિદ્યાથીઓ CBSE વિદ્યાર્થીઓ સામે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પાછળ રહે છે. તેનુ મુખ્ય કારણ જ આ છે. આપણે આપણા વિદ્યાથીઓને આપણે દર્શાવેલા પુસ્તકોના ગુલામ બનાવી દીધા છે. અને તેમનામાં રહેલી આવડત, કાર્યક્ષમતા અને નવા વિચારોને આગળ વધારવામાં અસમર્થ સાબિત થયા છીએ. આ કારણોના લીધે જ શાળાઓએ આ દિશામાં વધુ મહેનત કરવાની જરૂર છે. જે આપણે સરકારને બદલાવાની અને શૈક્ષણિક વ્યવસ્થા બદલવાની રાહ જોઇશું તો ઘણું મોડુ થઇ જશે. માટે મારી શાળાઓને દરખાસ્ત રહેશે, કે પુસ્તકોથી આગળ વધે. શાળાઓમાં 'આર્ટ અને ક્રાફટ' ની 'DIY ડુ ઇટ યોર સેલ્ફ' ની આ કેવી રીતે થાય. STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જીનિયરીંગ અને મેથ્સ) (વિજ્ઞાન, ટેકનોલોજીક, ઇજનેરી અને ગણિત) જેવી પ્રવૃતિને વેગ આપવો જોઇએ. એક એવી વ્યવસ્થા સ્થાપવાની જરૂર છે. જ્યા વિદ્યાર્થીઓને તેમની પાસે રહેલી ટેકનોલોજીનો સદ ઉપયોગ ઇન્ટરનેટ સુરક્ષાની જરૂરીયાત અને માહિતીનુ બાળકમાં કરવાની આવડત વિકસાવવામાં આવે. થોડા ઘણા અંશે ટેકનોલોજીનો વપરાશ વધારવામાં આવે તેની ખૂબજ જરૂર છે. કાયદાકીય માળખાઓનું અને કાનુની કામોનું શિક્ષણ તેમજ એકાઉન્ટસ અને નાણાંકીય માળખાનું જ્ઞાન પણ પુરૂ પાડવુ જોઇએ. અહીંયા હું એક અંગ્રેજી પુસ્તક વાંચવા માટે પ્રોત્સાહિત કરીશ જેનુ નામ છે. 'Rich Daddy and Poor Daddy' આ બધીજ પ્રવૃત્તિઓનુ માળખુ જાત ભણતર, વ્યવહારૂ અનુભવો અને ફક્ત કલાસ સુધીના ભણતર સુધી સિમિત ન હોવું જરૂરી છે.

ભારત સરકારે આ દિશા તરફ પગલું ભરવાનું શરૂ કરી દીધુ છે. અને તેના માટે શાળાઓમાં ૫૦૦ થી વધુ 'અટલ ટિંકરીગ લેબ'(STEM સેન્ટર) ખોલવાનું નક્કી કર્યુ છે. આ સેન્ટરો બાળકોના જાત મહેનત અને વ્યવહારૂ જ્ઞાન દ્વારા આગળ વધવામાં મદદરૂપ થશે. જે શાળાઓ આ સેન્ટરો અપનાવશે તેઓ વધુ સક્ષમ વિદ્યાથીઓ દેશને આપી શકશે. આ 'ટિંકરીંગ લેબ' બાળકો માટે ખૂબ ઉત્પ્રેરક બનશે અને તેઓ જાતે નમુનાઓ બનાવવા સક્ષમ થશે. તેઓને એવા કાર્યો પણ સોંપવામાં આવશે જેમાં ઘરેથી નમુનાઓ બનાવીને શાળાઓમાં લાવવાના રહેશે. તેઓ નમુનાઓમાં પોતાના દ્રષ્ટિકોણથી જરૂરી સુધારા કરવા સક્ષમ બનશે અને આના દ્વારા તેઓ એક જ વાતને જુદી-જુદી રીતે રજુઆત કરવા કટિબંદ્ધ બનશે. અને પોતાના મૌલિક વિચારોને અમલમા લાવશે.

આવા પ્રકારના તમામ અભિગમો બાળકોમા સર્જનાત્મક વિચારો અને નવીન વસ્તુઓનુ સર્જન કરશે. જોકે વિવિધ વિષયો જેમકે નાણાંકીય અને કાયદાકીય કાર્યોના જ્ઞાન માટે જુદી જરૂરિયાતો રહેશે. ઉપર દર્શાવેલ પ્રક્રિયા ઘણા દ્વાર ખોલશે. ભવિષ્યના ઘડતર માટે અને કાર્ય શોધનાથી કાર્ય આપનાર સર્જવા માટે આ જ સાચા અર્થમાં આપણા શૈક્ષણિક માળખાનો પડકાર છે.



**વેટરન વિંગ કમાંન્ડર જયદેવ દેસાઇ**

RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Bhavik Publication Pvt. Ltd., Plot No. 36/2, Opp. Umiya Campus, Near Silver Oak Club, S. G. Highway, Gota, Ahmedabad 382 481.
All articles have been selected and scrutinized by Sub editor Ms. Jyoti Parmar. The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386